પરિપત્ર:

વિષય : (AUG/SEP-2026) માં લેવાયેલ નર્સિંગ વિદ્યાશાખાની પરીક્ષાઓના પરીણામ બાબત

સંદર્ભ : (૧) પરીક્ષા વિભાગ દ્વારા તા. ૦૬/૧૧/૨૦૨૬ ની નોંધ.૨૭૨ પર મળેલ મંજુરી અન્વયે

(૨) પરીક્ષા વિભાગ દ્વારા તા. ૦૭/૧૧/૨૦૨૬ ની નોંધ.૨૭૩ પર મળેલ મંજુરી અન્વયે

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન નર્સિંગ કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને જણાવવામાં આવે છે કે, અત્રેની યુનિવર્સિટી દ્વારા લેવાયેલ નીચે મુજબની વિદ્યાશાખાઓની પરીક્ષાઓનાં પરીણામ જાહેર કરવામાં આવેલ છે.

SR. NO.	EXAM
1	B.SC.(Nur.) SEM-7 (AUG-26) (NEW ERP)
2	B.SC.(Nur.)(REM.) SEM-3 (AUG-26) (NEW ERP)
3	B.SC.(Nur.)(REM.) SEM-1 (AUG-26) (NEW ERP)
4	F.Y. P.B.B.SC.(NUR.) (SEP-2026) (NEW ERP)
5	S.Y.P.B.B.SC.(NUR.)(REM.) (SEP-26) (INFINITY)
6	FOURTH Y.B.SC.(NUR.)(REM.) SEP-26 (INFINITY)
7	T.Y.Bsc.Nursing (Rem.) (SEP-2026) (INFINITY)
8	S.Y.P.P.B.SC.(NUR.) (SEP-2026) (NEW ERP)

જે વિદ્યાર્થીઓના બેઠક નંબરની શરૂઆત ૨ નંબર થી થતી હોય (ઉદા. ૨૦૦૦૦૧) તેવા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની વેબસાઇટ http://bknmu.icrp.in/form_web_result.aspx પર **Student Online Result** પર જઇને વિદ્યાર્થીઓએ પોતાના સીટ નંબર અને **SPU ID** એન્ટર કરી પરિણામ જોઈ શકશે. જુના સોફ્ટવેરમાં પરીક્ષા ફોર્મ ભરી પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ ઉપરોક્ત પરિણામ સોફ્ટકોપી ડાઉનલોડ કરીને તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવી.

તેમજ જે વિદ્યાર્થીઓના બેઠક નંબરની શરૂઆત ૯ નંબર થી થતી હોય (ઉદા. ૯૦૦૦૦૧) તેવા વિદ્યાર્થીઓએ આ સાથે સામેલ માર્ગદર્શિકા મુજબ પોતાનાં **SPU ID અને પાસવર્ડ નાખી પોતાનું** પરિણામ ઓનલાઇન જોઈ શકશે. (જે વિદ્યાર્થીઓ પાસે પાસવર્ડ ના હોય તેમણે કોલેજમાંથી પાસવર્ડ મેળવી લેવાના રહેશે. અથવા Forgot password કરીને પણ પાસવર્ડ મેળવી શકાશે.)

જે વિદ્યાર્થીઓ પોતાના પરીણામથી અસંતુષ્ટ હોય તેવા વિદ્યાર્થીઓ નીચે આપેલ માર્ગદર્શીકા અનુસરીને **તા.૦૭-૧૧-૨૦૨૬ થી તા.૧૬-૧૧-૨૦૨૬** સુધીમાં ઓનલાઇન પુન:મુલ્યાંકન માટેની અરજી કરી શકશે. નર્સિંગ કોર્ષમાં વિદ્યાશાખાઓમાં **વધુમાં વધુ બે વિષયમાં** પુન:મુલ્યાંકન માટે અરજી કરી શકાશે જેની સર્વે સંબંધીતોએ ખાસ નોંધ લેવી. **(પ્રતિ સેકશન દીઠ પુન: મુલ્યાંકન કરાવવા માટેની ફી રૂ.૨૫૦/- રહેશે.)**

જે વિદ્યાર્થીઓના બેઠક નંબરની શરૂઆત ૨ નંબર થી થતી હોય – જુનો સોફ્ટવેર

➢ જે વિદ્યાર્થીઓના કે જેઓના બેઠક નંબરની શરૂઆત ૯ નંબર થી થતી હોય – નવો સોફ્ટવેર

જુના સોફ્ટવેરના વિદ્યાર્થીઓ રીએસેસમેન્ટ કરાવવા માંગતા હોય તે વિદ્યાર્થીઓએ રીએસેસમેન્ટ ફોર્મ યુનિવર્સિટીની વેબસાઇટ www.bknmu.edu.in પર જઈને Student ની ટેગ પરથી રીએસેસમેન્ટ ફોર્મ ડાઉનલોડ કરી તા.૧૬/૧૧/૨૦૨૬ સુધીમાં કોલેજ દ્વારા લોગીનમાં ઓનલાઈન એન્ટ્રી કરી કોલેજના લેટરપેડ પર વિદ્યાર્થીઓની સંખ્યા સ્પષ્ટપણે દર્શાવીને તેમજ રીએસેસમેન્ટ ફી પેટેનો રજીસ્ટ્રારશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ ના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ અત્રેની યુનિવર્સિટીમાં તા.૧૭/૧૧/૨૦૨૬ સુધીમાં જમા કરવાનો રહેશે. ત્યાર બાદ આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી.

જે વિદ્યાર્થીઓના પરીણામમાં – (ડેસ, NE) અથવા ગેરહાજર, વિષયમાં ફેરફાર હોય તેમજ અન્ય ક્વેરી હોય તેવા વિદ્યાર્થીઓના પરીણામમાં સુધારો કરવા માટે જે તે કોલેજ દ્વારા કોલેજનાં લેટરપેડ સાથે વિદ્યાર્થીએ જે પરીક્ષા આપેલી છે તેના જરૂરી ડોક્યુમેન્ટ સાથે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને તા.૧૭/૧૧/૨૦૨૬ સુધીમાં (પરીણામની હાર્ડકોપીની પ્રતિક્ષા કર્યા વગર) અરજી સાથે જમા કરાવવાના રહેશે. સમયમર્યાદા બાદ આવનાર અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી જેની નોંધ લેવી.

ખાસ નોંધ: જે વિદ્યાર્થીઓને માઈગ્રેશન જમા કરાવેલ નહિ હોય તે વિદ્યાર્થીઓ પરિણામ જોઈ શકાશે નહિ.

બીડાણ : (૧) નવા સોફ્ટવેરમાં પરિણામ ઓનલાઇન જોવા તેમજ પ્રિન્ટ કરવા માટેની માર્ગદર્શીકા
(૨) નવા સોફ્ટવેર અંતર્ગત વિદ્યાર્થીએ પુન:મુલ્યાંકન ફોર્મ ઓનલાઇન ભરવા અંગેની માર્ગદર્શીકા

ડી.કે.ચૌ. ગુજરીયા
પરીક્ષા નિયામક

ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૨૦૭૫/૨૦૨૬ તા. ૦૭/૧૧/૨૦૨૬
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ-૩૬૨૨૬૩
પ્રતિ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન નર્સિંગ કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો તરફ...

નકલ સવિનય રવાના:-

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે)
(૨) આઇ.ટી. સેલ (જરૂરી કાર્યવાહી અર્થે અને વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે.)
(૩) ચીફ એસેસમેન્ટ કોર્ડિનેટર મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર સમયસર પુનઃ મૂલ્યાંકનની કાર્યવાહી અર્થે ધ્યાને લેવું.